શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૪ • તા.૨૪ ઓગસ્ટ થી ૩૦ ઓગસ્ટ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# સુથરી ગામમાં અવરજવર કરવા વિશેષ પગદંડી બનાવાઈ



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com   Contact : 9884899494   E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# નિરાશામાંથી આશાનું પ્રાગટ્ય થાય છે

જીવન સંસારમાં આશા અને નિરાશા વચ્ચે સતત દ્વંદ્વ ચાલતું હોય છે. આ પ્રક્રિયામાં ઈશ્વરના સર્વશ્રેષ્ઠ સર્જન મનુષ્યનું ઘડતર થાય છે. નિરાશાના હતાશાભર્યા માહોલમાં આશાનું એક કિરણ ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જે છે. માનવીની હતાશાનું મૂળ કારણ આશા જ છે. કારણ કે, કોઈ વાત વિચાર કે કલ્પના સાકાર ન થાય એટલે ગુસ્સો કે નફરતની લાગણી થાય એ સહજ વાત છે. પણ હતાશાથી હતોત્સાહથી સમૂળગા હથિયાર હેઠા મૂકી કોઈની શરણાગતિ સ્વીકારી લઈએ તો એ સર્વોપાતી પતન ભણી ધકેલાઈ જાય છે. ઘટાટોપ ઘેરા અંધકારમાં આશાનુ એક ટમટમતું નાનકડું કિરણ પણ ઉમંગની એક ચિનગારી આપે છે અને આજ જીવન બળ સાબિત થઈ પ્રેરણાબળ થઈ શકે છે.

આપણે રાખેલી આશા પૂર્ણ ન થાય તો તે માટે ગુસ્સો કે નફરત થાય એ સહજ પ્રકૃતિમય પ્રક્રિયા સમજવી પણ એનો મતલબ એ નથી થતો કે આપણી ઈચ્છાઓનો અંત આણી દેવો. ઈચ્છાઓનો અંત જ નથી તે અનંત છે. પરંતુ તેને આપણે એક સીમા સુધી બાંધી દઈએ છીએ. જે ખરેખર તો એ વિચાર કરનારને બંધનથી બાંધી દે છે.

માનવ જન્મ લે છે. ત્યારે જ એક આશાનું પોટલું લઈને જ જન્મ લે છે. તેના પરિવારજનો મોટ મોટી કલ્પનાઓ દ્વારા નવજાતને બાંધી દે છે. પણ જ્યારે કલ્પનાથી વિપરીત થવા પામે એટલે એકબીજા સાથે અટંસ થાય. ખરી રીતે આપણી આશા ઈચ્છાઓનો પરિપૂર્ણ કરવાની જવાબદારી આપણી જ હોય છે. જ્યાં સુધી માનવી દુનિયા સાથે સંલગ્ન છે ત્યાં સુધી કંઈને કંઈ આશાઓ સાથે જીવવાનો છે.

આપણો સ્વભાવ છે કે મિત્રો, જીવનસાથી, સંતાન, સગા-સંબંધીઓ પાસે અગણિત આશાઓના પોટલા બાંધી રાખતા હોઈએ છીએ. અને અંદરો અંદર એવું માની લઈએ છીએ કે આ બધી આશાઓની પૂર્તિ કરવી તેમની ફરજ છે. તીરે ઊભી તમાશો જોવા જેવી આપણી જિંદગી થઈ જાય છે. આશાઓના અડાબીડ વાદળથી આપણે ઘરાયેલાં રહીએ છીએ પણ વરસાદ ન વરસતા નિરાશાથી ઘેરી વળીએ છીએ. પણ ખરે ખરતો નિરાશામાંથી સોનેરી આશાની કોર આપણને પ્રાપ્ત થાય છે. એની સમજણ અને સજાગતા હોવી જોઈએ.

પ્રભુએ આપણો જન્મ માનવ અવતારમાં કર્યો છે. ત્યારે આપણી જવાબદારી થાય છે કે સારા કર્મો કરી, આપણી પણ રખાયેલ જવાદારીને કર્તવ્યથી નિભાવીએ પ્રાર્થના કરવા કોઈ મંદિરે જતું નથી માત્ર માંગણી સંભળાવવા જાય છે. પરમાત્મા પાસે જેટલી માંગણીઓ કરી કઈ કઈ પૂરી થઈ તેની પર આપણી ચોંપ રહે છે. પણ એટલું નથી વિચારતા કે જિંદગીમાં બધુ કાંઈ આપણું ધાર્યુ નથી થવાનું. થોડી હકારાત્મકતાને આપણે હૃદયમનમાં સ્થાન આપીએ સંતોષશીલ રહીએ ઉમેદ આશા રાખતા રહીએ ઈશ્વર પાસેથી મેળવવાની કંઈક મેળવવાની તો સામે ઈશ્વર પણ આપણી પાસે શ્રધ્ધા અને મહેનતની આશા તો રાખવાનો જ માટે નિરાશામાં આશાનો દિપક પ્રગ્ટાવી આપણા જીવનને ઝળઝળાવીએ અને સાર્થક પથગામી થઈએ.

-જય જ્ઞાતિમૈયા

# મર્યાદિત જરૂરિયાતોમાં મોટું સુખ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સંતોષ એ પરમ સુખ છે. ઈચ્છાઓની તૃપ્તિ એટલે સુખ હોવું લાગણીઓ પર કાબૂ રખાય એટલે ઉછળતી ઈચ્છાઓ પર લગામ લાગે. જરૂરિયાતનું ચક્ર સતત ચાલતું રહે છે અને આપણને સતત દોડાવે છે. જેને કારણે ફરીને ફરી એ જ ઘટમાળમાં આપણે ઢસડાયા કરીએ છીએ. આપણી મુશ્કેલી એ છે કે શરીર સ્વસ્થ રહે તેવી શારીરિક જરૂરિયાતો જેવી કે ઊંઘ ભૂખ, તરસ, આરામ, કામ તૃપ્તિ, પ્રેમ, વાત્સલ્ય, મમતા, સ્વમાન, હૂંફ અને સ્વપ્નપૂર્તિ માટેની ઈચ્છા, માન, મોભો, પદ, પ્રતિષ્ઠા વગેરે જેવી સામાજિક જરૂરિયાતો સલામતીની જરૂરિયાતો સતત આપણને દોડાવે છે. જરૂરિયાતનું ચક્ર સદાય અને સતત ચાલતું રહે છે. ફરી ફરી એ જ ઘટમાળમાં આપણે ઢસડાયા કરીએ છીએ. આનો અંત આપણા મૃત્યુ સાથે જ આવે છે.

શાસ્ત્રોમાં કહેવાયું છે કે જરૂરિયાતો અપાર અને અનંત છે. પરંતુ તેને સંતોષવાના સાધનો મર્યાદિત છે. એનો મતલબ એ છે કે આપણે આખી જિંદગી જાતજાતની જરૂરિયાતો પૂરી કરવામાંથી ઊંચા નથી આવતા. જરૂરિયાતો જો સીમિત હોય તો ભાગદોડ થંભી જાય. એવા કેટલાય જીવ જગતમાં છે જેને બધે બધું મળી જ રહેતું હોત તો કોઈ પ્રશ્ન જ ન હોત. પણ વાસ્તવિકતા એ છે કે દરેક જીવ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરે છે, મહેનત કરે છે. બેઠાં બેઠાં કોઈને કશું જ નથી મળતું. પ્રવૃત્તિઓનો અભાવ અને તૈયાર પ્લેટફોર્મથી વ્યક્તિ આળસુ બને છે. સુસ્ત થાય છે. તેને નકારાત્મક વિચારો ઘેરી વળે છે અને હતાશાનો ભોગ બને છે.

સાધુ સંતો યોગી મહાત્માઓ જેમણે અન્યને કાજે ઘરબાર છોડ્યાં છે. તેઓ પોતાની જરૂરિયાતોનું ચક્ર નિયંત્રણમાં રાખે છે. ભૂખ લાગે ત્યારે જે પણ પ્રાપ્ત હોય, સુલભ હોય એ જમી લે. થોડું હોય, અમુક વસ્તુઓ હોય જે હાથવગું હોય એનાથી ચલાવી લેવું. ન કોઈ ફરિયાદ કરવી ન કોઈ દુ:ખ વ્યક્ત કરવું. અસંતોષ તો સમુળગું ન કરવું. સંતોષ રાખવું. સંતોષનો ઓડકાર ખાનારાને પ્રશ્નો પજવતા નથી. જ્યારે ઢગલા બંધ વેરાયટી સામે હોય. વિકલ્પ ઘણાં બધા હોય ત્યારે સ્વભાવને લીધે માણસ અવઢવ પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. કોને પકડવું કોને છોડવું. એવી દ્વિધાત્મક પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે.

દુનિયામાં ખોટી દેખાદેખીમાં શાનો શૌકત પરિસ્થિતિ રાખવાથી ટૂંકી કમાણીને ખર્ચ વધુ રાખવાથી આવક જાવકના પલડા બેલેન્સમાં રહી શકતા નથી. જરૂરિયાતો નિયંત્રિત કરવાથી ઘણી બધી મુશ્કેલીઓમાંથી બચી જવાય છે. સંકટમાંથી સહી સલામત નીકળી જવાનો રસ્તો આપણને શોધવો પડે છે. માટે આપતિઓ ન આવે એ માટે સજાગતા રાખવી ઘટે. ચાલશે, ફાવશે. દોડશેની નીતિ ધરાવતો ક્યારે દુ:ખી નથી થતો. તેને દરેક પરિસ્થિતિમાં સુખ જ સુખ છે. એટલે જરૂરિયાતો જેટલી મર્યાદિત એટલી જીવનમાં શાંતિ જ શાંતિ. એ મંત્ર ગાંઠે બાંધી લેવું જોઈએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st July - 31st December 2024**

STAMP FRANKING
Now Available

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%**
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| **Masjid Bunder** | **Matunga** | **Mulund (West)** | **Thane (West)** | **Vashi** | **Kamothe** |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank

KDO

# કિશોરભાઈ સાંચાના પ્રયત્નોથી સુથરી ગામમાં અવરજવર કરવા વિશેષ પગદંડી બનાવાઈ




મોટી પંચતીર્થીના નગર સુથરીમાં આવવા જવા માટેનો શ્રી ભલારાદાદા મંદિર પાસેનો સિમેન્ટ રોડ પર આવેલી પાપડી નીચેનો રસ્તો ભારી વરસાદની મારથી નીકળી ગયો જેનાથી ઉપરનો રસ્તો અધ્ધર થઈ ગયો. જે ગમે ત્યારે કકડ ભૂસ થઈ તૂટી પડે અને મોટો અકસ્માત સર્જેને જાનહાનિ થાય એ પ્રકારનો જોખમી થઈ ગયેલ. આ રસ્તા ઉપર બળવંત સાગર ડેમ આવેલ હોઈ જ્યારે ડેમ છલોછલ થઈ જાય તેનું પાણી પાંચથી સાત ફૂટ ઉપરથી ધૂધવતો જઈ દરિયામાં ભળે છે.



તે ઉપરાંત સિમેન્ટ રોડની બંન્ને સાઈડ ગાંડા બાવળ એટલો વધી ગયેલ છે કે રોડ પરથી ટુ વ્હીલર પર ચલાવવું મુશ્કેલી સર્જે છે. ગામને લગતી આ મહત્વની સમસ્યાની જાણ શ્રી ભલારાદાદા ટ્રસ્ટના ટ્રસ્ટી અને માજી જિલ્લા પંચાયત સદસ્ય કોઠારા અને પૂર્વ ચેરમેન કચ્છ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ તથા બાંધકામ શાખા, કચ્છ જિલ્લા પંચાયત જોગ પત્ર લખી તેની નકલ માનનીય ધારાસભ્ય શ્રી અબડાસા, પ્રમુખશ્રી કચ્છ જિલ્લા પંચાયત અને સરપંચ શ્રી સુથરીને જાણ માટે મોકલી. જેનો તાત્કાલિક સાનુકુળ પ્રતિસાદ મળતાં ચાર દિવસમાં જ રસ્તાનું સમારકામ અને ગાંડા બાવળની ઝાડીનું ટ્રીમીંગ કરાયું હતું. જે બદલ સમગ્ર સુથરી ગામ વતી વડીલ કિશોરભાઈ સાંચાનો આભાર માનવામાં આવેલ.

# માસક્ષમણના તપસ્વી પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.ના તપની અનુમોદનાર્થે દ્વિદિવસીય પારણા મહોત્સવ યોજાયો












શ્રી સાંધવ ધર્મનગરી એ શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં, પ.પૂ. સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા.નાં શિષ્યા પ.પૂ. સાધ્વીજી શ્રી પુણ્યવંતાશ્રીજી મ. સા. (સાંધવ રત્ન દીકરી મ.સા.) નાં માસક્ષમણ નાં ૨ દિવસનો ભવ્યાતિભવ્ય પારણાં મહોત્સવ ઉજવાયો. પ્રથમ દિવસે તા.૨૦ ઓગસ્ટ મંગળવારના બપોરે ૩ થી ૫ સાંજી રાખવવામાં આવેલ, સર્વે જણા સાંજીનાં ગીતો ગાયા, શ્રી સાંધવ મહાજન તરફથી રૂા. ૧૦ ની પ્રભાવના કરવામાં આવેલ આરાધક ભાઈ-બહેનોએ ઉપાશ્રય સુંદર રીતે શણગારેલ. બીજા દિવસે ગુરૂવાર, તા. ૨૧ ઓગસ્ટના ૮.૦૦ કલાકે પૂજ્યશ્રીના પારણાંની શોભાયાત્રામાં ભુજથી બેન્ડ વાજા પાર્ટી, કચ્છી ઢોલ શરણાઈ સાથે, ચતુર્વિધ સંઘ સાથે, ગામે ગામનાં જન મહેરામણોની હાજરીમાં, હર્ષ અને ઉલ્લાસ પૂર્વક થયેલ. ભવ્યાતિભવ્ય રંગોળી અને પૂજ્યશ્રીને કમળ આકારના સિંહાસનમા બેસાડવવામાં આવેલ બાદ સવારના ૮.૩૦ કલાકે પ.પૂ. મ. સા. શ્રી ને પારણું કરાવવામાં આવેલ.

શ્રી ગુરૂ પૂજનનો લાભ રૂા.૧૭૫૫૭૫/-માં અ.સૌ.મીનાબેન મહેશભાઈ ગાલા પરિવાર મેરાઉ મુંબઈ (પ.પૂ.મ.સા.નાં ગુરૂભક્તો પરિવારે લાભ લીધેલ.) દરેકનું સંઘ પૂજનનાં લાભાર્થી પરિવાર તરફથી રૂા. ૧૬૦/-નું સંઘ પૂજન કરવામાં આવેલ. પારણાં કરાવવાનો લાભ ચાતૃમાસનાં દાતા પરિવારો એ લીધેલ. ૨ દિવસનાં મહોત્સવનો સંપૂર્ણ લાભ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈનાં પરિવારજનો અને ચાતુર્માસનાં દાતા પરિવારજનો એ લીધેલ. પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગ રચના કરવામાં આવેલ. શ્રી પદ્માવતી મહાપૂજન રાખવામાં આવેલ. વિધિકાર દીપકભાઈ કોઠારી, સંગીતકાર નિશાબેન સંઘવી પાર્ટી એ સારી રમઝટ જમાવેલ. નલિયા, તેરા, કોઠારા જખૌ, સુથરી, પરજાઉ, સર્વે ગામોમાં મીઠી લાપસી, ગોળ, ભૂંસો ચારા માટે દરેક પાંજરાપોળમાં રૂ. ૫૦૦૦/=જીવદયા કરવામાં આવેલ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સવારનાં નવકારશી અને સાધર્મિક ભક્તિનો ૫૫૦ થી વધારે સંખ્યામાં લાભ મળેલ. મુંબઈથી ૧૨૬ જણા પધારેલ.

# પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.ના તપની અનુમોદનાર્થે દ્વિદિવસીય પારણા મહોત્સવ














અમદાવાદ, મેરાઉ, મસ્જિદ બંદર સંઘ, બિદડા, કોઠારા, તેરા, સુથરી, વરાડીયા, જખૌ, સાંયરા, મંજલ રેલડીયા, લાયજા, બાડા, રાયણ, નવાવાસ, માંડવી, દેવપુર, માપર, ગઢશીસા, ભુજ ડોણ, મોટી ખાખર, નાંગલપૂર, તુંબડી, ગોધરા, પુનડી, ચુનડી, ડુમરા, સણોસરા, મોથારા, રાજસ્થાન ગામે ગામથી ૪૨/૫૨ નાં સંઘો પધારેલ.

વરાડિયા ગામે થી ઉગ્ર વિહાર કરી ને પ.પૂ.તપસ્વી રત્ન શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.પધારેલ.

સાંધવમાં માનવ મહેરામણ પધારેલા હતાં. પૂજ્યશ્રીનાં પારણાં નિમિતે ચાતુર્માસ આરાધકો ને શ્રી શાંતિનાથ દાદાની પૂજા કરવા માટે ભાઈઓને સુરવાલ-ઝબ્બો અને બહેનોને સાડી માતૃશ્રી જમકુબાઈ લાલજી પટેલ મુલુંડ અને માતુશ્રી મણિબાઇ કુંવરજી મોતા ડોબિંવલી માતુશ્રી લીલાવંતીબેન વિસનજી સોની જખૌ કાંદિવલી તરફથી આપવામાં આવેલ.

પૂજ્યશ્રીનું ગુરૂપૂજનનાં ભાગ્યશાળી પરિવાર તરફથી ગુરૂપૂજનમાં સોનાની ગીની ચાંદીની ગીનીથી પૂજન કરેલ.

શ્રી કે. ડી. ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવનાં પ્રમુખશ્રી શામજીભાઈ દંડ સર્વે હાજર રહેલ ટ્રસ્ટીગણ, સર્વે ગામવાસીઓને આવકાર આપેલ. જેના પણ ઘર માં દીક્ષા થયેલ તેમના માતા-પિતાનું બહુમાન કરવામાં આવેલ. સાંધવ નગર નાં આંગણે કેટલા ભાગ્યશાળી પરિવારોના પગલાં થયેલ.

શ્રી સાંધવ મહાજન પધારનાર સર્વેનું અને શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનું ખુબ ખુબ આભાર વ્યકત કરે છે.

# પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.ના તપની અનુમોદનાર્થે દ્વિદિવસીય પારણા મહોત્સવ























# પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.ના તપની અનુમોદનાર્થે દ્વિદિવસીય પારણા મહોત્સવ


















તા. ૧૨ ઓગસ્ટના એક જ ડ્રેસ કોડમાં આરાધક ભાઈઓ અને બહેનો તેની ઝલક. ડ્રેસ કોડના લાભાર્થી અ.સૌ.દમયંતીબેન ચાંપસી માણેકજી લોડાયા ઘાટકોપર તરફથી

---





શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદા ની શીતલ છાયામાં તા. ૨૧ ઓગસ્ટના પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતા શ્રીજી મ.સા. માસક્ષમણના પારણા નિમિત્તે ચાતુર્માસ આરાધકોને શાંતિનાથ દાદાની પૂજા કરવા માટે ભાઈઓને સુરવાલ ઝબ્બો બહેનોને સાડી ૧) માતૃશ્રી જમકુબાઈ લાલજી પટેલ મુલુંડ ૨) માતૃશ્રી મણીબાઈ કુંવરજી મોતા ડોમ્બીવલી ૩) માતૃશ્રી લીલાવતીબેન વિસનજી સોની જખૌ કાંદીવલી ત્રણે પરિવારો તરફથી આપવામાં આવેલ. ખુબ ખુબ અનુમોદના.





# મણિ માણેક ફૂલવાડીમાં વૃક્ષારોપણ કરાયું







શ્રી સાંઘવ નગરે તા. ૧૦ ઓગસ્ટને શનિવારના આજરોજ ''મણિ-માણેક ફૂલવાડી''માં અલગ અલગ ફૂલોનાં છોડનું વાવેતર કરવામાં આવેલ તે શુભ પ્રસંગ નિમિતે અ.સૌ.દયમંતિબેન ચાંપશી લોડાયા (લોખંડવાલા પરિવાર) તરફથી ઉપવાસ વાળાને રૂા.૧૦૦/=, આયંબિલ તપવાળાને રૂા.૫૦/=, એકાસણા વાળાને રૂા.૧૦/=ની પ્રભાવના કરવામાં આવેલ. દરેક આરાધકને શ્રી શાંતિનાથ દાદાની પૂજા કરનાર બહેનોને સાડી અને ભાઈઓને સુરવાલ-ઝબ્બો આપવામાં આવેલ. પરિવારશ્રીની ખુબ ખુબ અનુમોદના.






# ચાંદની યશ લોડાયાને બિઝનેશ વુમન ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કરાયા



શ્રીમતી મીરા ધનેશ મુલચંદ છેડા સુજાપુર-ઈન્દૌરના પુત્રી નલિયા-વાશીના શ્રીમતી ચાંદની યશ ઉતિન લોડાયાને યુનાઈટેડ કિંગડમમાં ઈન્સોલ્વન્સી પ્રેક્ટિશનર્સ એસોસિએશન કાં દ્વારા બિઝનેસ વુમન (વુમન પ્રેન્ચોર) ઓફ ધ ઈયર એવોર્ડથી અમદાવાદ ખાતે ગુજરાત બિઝનેસ જી એવોર્ડ સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા.

ચાંદની લોડાયાએ એક દાયકાના વ્યાવસાયિક અનુભવ સાથે મહિલા કર્મચારીઓને નોકરી આપીને મહિલાઓને સશક્ત બનાવવા પ્રતિબધ્ધતા દર્શાવી છે. તેણીએ સૌથી વધુ ટર્ન ઓવર હાંસલ કરી અને યુ.કે સ્થિત કંપનીઓને નાદારી અને નાદારી વિષેની કાનૂની અનુપાલન સેવાઓની સૌથી મોટી સેવાની નિકાસ પ્રદાન કરી છે.

વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ચાર્ટર્ડ એકાઉન્ટર, કંપની સેક્રેટરી ઉત્કૃષ્ટ વકીલ અને નાદારી નિષ્ણાત ચાંદની લોડાયાએ સ્ટ્રેટેજિક ફાઈનાન્સમાં એમ.બી.એ. અને એ+ ગ્રેડ સાથે બી.કોમ ડિગ્રી મેળવી છે. તેણી પાસે ટેક્નિકલ એનાલિસિસ અને શેરબજારમાં પ્રાવીણ્યનો ડિપ્લોમાં પણ ધરાવે છે.

આ સન્માન મેળવવા બદલ શ્રીમતી ચાંદની લોડાયાને હાર્દિક અભિનંદન.

# નાસિક સંઘ અને દેવલાલી સંઘના સંયુક્ત ઉપક્રમે ચૈત્યપરિપાટીનું આયોજન

શ્રી નાસિક ક.દ.ઓ.સંઘ અને દેવલાલી ક.દ.ઓ.સંઘના સંયુક્ત ઉપક્રમથી મહાપર્વ પર્યુષણ પછી ચૈત્યપરિપાટી તા.૨૪ સપ્ટેમ્બરથી તા.૨૬ સપ્ટેમ્બર સુધી બે રાત્રિ, ત્રણ દિવસનો પ્રોગ્રામ એસી બસ દ્વારા કરાશે. કોલ્હાપુરની આજુબાજુ કુંભજગિરિ, સાંગલી, કોલ્હાપુર, મિરજ, પન્હાલગઢ, બાહુબલી, મહાલક્ષ્મી (કોલ્હાપુર) હાથકલગડથી પરત નાસિક રવાના.

ચૈત્યપરિપાટીમાં જોડાવા પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂા.૫૦૦નો નકરો નિર્ધારીત કરાયો છે. જે માટે વહેલો તે પહેલાને ધોરણે નામ નોંધાવવા માટે મહેન્દ્ર મોમાયા (નાસિક)-૯૪૨૨૭૯૩૦૬૩, દીપક લોડાયા-૯૯૭૫૧૨૨૦૮૦, દેવલાલી માટે મુકેશભાઈ ધરમશી-૮૪૨૧૪૦૦૦૪૫ અને પદમશીભાઈ મોતા-૯૩૨૧૧૦૧૨૦૧નો સંપર્ક કરવો.

# તિરૂપુર સંઘમાં ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓ થઈ



તા.૧૮ ઓગસ્ટ રવિવારના દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘમાં ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પ્રભુજીના ૧૮ અભિષેકની ધર્મ આરાધનાનો અવસર ભવ્યાતિ ભવ્ય રીતે કરાયો. કોઈમ્બતુરથી પધારેલા બિપિનભાઈ ગુરૂજી એ ૧૮ અભિષેકની વિધિ સાથે સંગીતની રમઝટ જમાવી હતી. પ્રભુજીના શાંતિ કલશના લાભાર્થી હંસરાજ વેરશી નાગડા પરિવાર હતા. સંઘના ૩૦૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓ ધર્મ આરાધનાના અવસરે ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો. સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય રાખેલ હતો. શ્રી સંઘમાં ચાતુર્માસ દરમ્યાન સારી તપસ્યા અને ધર્મ ભક્તિઓ સારી રીતે ચાલી રહી છે.

To,
**Kdo Gnatijans**

Shri samast mahajan is Kdo gnyatis apex body is looking for commited basic IT volunteers for our community project.

1 to 2 hour per week is the tile commitment, Come on join us for making our community stronger better, your services will be appreciated they say service to community is as good as service to god.

Please send a message in 2 lines about you and your interest **@7506070851**

**Nishith A. Dand**
**(Secretary General)**
**Shri Samast KDO jain Mahajan**

વ્હાલા
જ્ઞાતિજનો,

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની સર્વોચ્ચ સંસ્થા શ્રી સમસ્ત મહાજન આપણા સમુદાયના પ્રોજેક્ટ માટે પ્રતિબદ્ધ મૂળભૂત IT સ્વયંસેવકોની શોધમાં છે., અઠવાડિયે ૧ થી ૨ કલાક ટાઈમની પ્રતિબદ્ધતા છે.

આવો આપણા સમુદાયને વધુ મજબૂત બનાવવા અમારી સાથે જોડાઓ, તમારી સેવાઓની પ્રશંસા કરવામાં આવશે, જેઓ જોશે તેઓ કહેશે કે સમુદાયની સેવા એ ભગવાનની સેવા જેટલી સારી છે.

કૃપા કરીને તમારા અને તમારી રૂચિ વિશે ૨ લીટીઓમાં સંદેશ આપેલ **વોટ્સએપ નંબર 7506070851** ઉપર મોકલશોજી.

શ્રી નિશિથ એ. દંડ
(સેક્રેટરી જનરલ)
શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

# ફુલ ખીલે ગુલશન ગુલશન



**બેબી બોય**
દંડ પરિવાર
માતા – હિલોની
પિતા – મીતેષ
જન્મ – ૧૮-૦૮-૨૦૨૪



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થીઃ એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને. |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૦૨ ફેબ્રઆરી ૨૦૨૫ | અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ મુહૂર્ત |


।। દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ।।
।। વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ।।

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**
**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ
**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**
**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા – એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**
**● સંપર્કઃ મેનેજર – ભરતભાઈ દંડ – 9929917712**

**સૌજન્ય : નરેન્દ્ર નવલચંદ ટોલીયા (અમરેલી-ગુજરાત)**

# સંજીવની કેસ નં.૧૪૯ માટે જોઈતી રકમ તાત્કાલિક જમા થઈ જતા ક્રાઉડ ફંડિંગમાંથી કેસ પરત લેવાયો

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 149

## DONATION CLOSED

### RAMILABEN UMERSHI CHHEDA

**Age-75 yrs, Suthari, Dombivli**

Suffering from Breast Cancer. Requires lumpectomy a kind of breast cancer surgery



KDO SANJIVANI

**DONATION CLOSED**

**Rs. 55,000**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

સુથરી-ડોંબિવલીના ૭૫ વર્ષીય શ્રીમતી રમિલાબેન ઉમરશી છેડા જેઓ સ્તન કેન્સરથી પીડિત છે. લમ્પેક્ટોમી જે એક પ્રકારની સ્તન કેન્સરની સર્જરી છે એ કરાવવી જરૂરી છે. જે માટે ડોક્ટર તરફથી રૂા.૫૫ હજારનો અંદાજિત ખર્ચ અપાયો.

વરિષ્ઠ નાગરિક પોતે એકલા રહે છે. તેમની બન્ને પુત્રીઓ પરિણિત છે. તેમની નથી કોઈ બચત કે નથી વીમા કવચનું પીઠબળ. તેમનું રોજિંદુ ગુજરાન અન્યોની સહાય ઉપર નિર્ભર છે. આવી કપરી પરિસ્થિતિમાં મૂકાયેલા રમિલાબેનને કેન્સર રોગ સામે લડવાની નવી મુસીબત આવી પડી. જેથી મદદ અરજી મેડિકલ સમિતિ સમક્ષ મૂકી.

અરજીનો તલસ્પર્શી અભ્યાસ કરી જરૂરી ભંડોળ માટે આ કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો. જણાવતા ખુશી થાય છે કે આજ સુધીની દરેક મદદ અરજીની જેમ સદર કેસ નં.૧૪૯ માટે જોઈતી રકમ રૂા.૫૫ હજાર તાત્કાલિક ભરપાઈ થઈ જતાં કેસ અરજી ક્રાઉડ ફંડિગમાંથી પાછું લઈ લેવાઈ. દર વખતની જેમ આ કેસમાં પણ વ્યક્તિગત ઉદારદિલ દાતાઓ મહાજનો, એકમો, ટ્રસ્ટ તેમજ વિવિધ સંસ્થાઓએ જે ખુલ્લા મન ભાવથી સહાય મદદ કરી જે અનુમોદનીય છે. જે માટે શત શત વંદન.

|| સુજાપુર તીર્થ મંડન શ્રી અજિતનાથ સ્વામિને નમ: ||

|| નમો નમ: ગુરૂ શ્રી ગૌતમ-સુધર્મા-આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરુતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણસિંધુ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ||

# શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ

દિવ્યકૃપા : શાસન સમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

દિવ્યાશિષ : તપચક્ર ચક્રવર્તી, તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

પુણ્યપ્રભાવક સામ્રાજ્ય પાવન પ્રેરણા : પરમાર્થમૂર્તિ, શ્રુતતીર્થોપાસક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

## ઉપાશ્રય જિર્ણોદ્ધાર નમ્ર અપીલ...

સુજાપુર તીર્થ ૧૪૨ વર્ષ પ્રાચીન શ્રી અજિતનાથ ભગવાનનું જિનાલય છે.
ભૂકંપમાં જીર્ણ થતાં જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ છે.
નલિયા-તેરા તીર્થના ત્રિકોણમાં, અંતરિયાળ ક્ષેત્રમાં સરહદી ક્ષેત્રનું સુજાપુર ગામ અબડાસા તાલુકામાં છે.
યાતાયાતની સુવિધા સુઘડ થતાં સાધુ-સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકાઓની અવરજવર
તીર્થ યાત્રાર્થે વધતાં ઉપાશ્રયના જીર્ણોદ્ધારની આવશ્યકતા જણાતાં,

**સુજાપુર તીર્થના સંઘપરમોપકારી, પરમાર્થ મૂર્તિ,**
**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાની પધરામણી થયેલ**
**અને એમની પ્રેરણા ઝીલી જીર્ણોદ્ધાર ફંડની શરૂઆત કરવામાં આવેલ છે.**

સૌ ઉદારદિલ દાતાશ્રીઓને વિનંતી, જીર્ણોદ્ધારમાં લાભ લઈને સહયોગ પ્રદાન કરશો.

**રૂા. ૧૧,૦૦૦/- ના ૩૫૧ નામ કરવા માટે પૂ. ગુરૂદેવશ્રીની પ્રેરણા છે.**

આપના તરફથી ૨૫-૨૦-૧૭-૧૫-૧૧-૧૦-૯-૫-૩-૨-૧ નામનો લાભ લેશો તે ખાસ વિનંતી છે.

દરેક લાભાર્થીનું નામ સુવાર્ણાક્ષરે ગ્રેનાઈટમાં લગાડવામાં આવશે.



### ઉપાશ્રય એટલે?

આત્માની નિકટમાં જવાનું સ્થળ...
સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની રમણતાનું સ્થળ...
ભવોદધિ તારક ગુરુના સમાગમ - સત્સંગનું સ્થળ...
આરાધના... ઉપાસના... સાધના સ્થળ...

**જ્યાં જ્યાં ગુરૂદેવના પગલા... ત્યાં ત્યાં થાય પુણ્યના ઢગલા...**

તા. ૨-૩-૨૦૨૪ ના પૂ. ગુરૂદેવશ્રી અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં ૧૦૮ નામ લખાયા છે.

આપના દાનની રકમ Cheque અથવા D.D. થી
KUTCH SUJAPUR AJITNATHJI JAIN DERASAR TRUST ના
નામે મોકલસોજી.
NEFT-UPI કરી અમોને SMS/Whatsapp દ્વારા
જાણ કરસોજી. જેથી આપને પહોંચ મોકલી શકાય.

| | |
|---|---|
| BANK | : STATE BANK OF INDIA |
| BRANCH | : NALIA ABDASA (KUTCH-BHUJ DIST) (00438) |
| Branch Address | : Jawahar Road, Naliya |
| Dist | : Kutch, Gujrat - 370 655. |
| IFSC CODE | : SBIN0000438 |
| A/c. No. | : 00000010933790232 |

**આભાર અને અપીલના યોગ્ય પ્રતિસાદની અપેક્ષા રાખીએ છીએ.**

સંપર્ક : ટ્રસ્ટીઓ

શા. હંસકુમાર લક્ષ્મીચંદ છેડા (મુંબઈ).....98211 65961
શા. કિશોર જીવરાજ શાહ (ભુજ).........94274 50500
શા. કેતન કાંતિલાલ ખોના (મુંબઈ)....98190 34500
શા. જયમન લેરીન ખોના (મુંબઈ)......98200 02453

**લિ. શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ - ટ્રસ્ટ મંડળ**

# ફુલ ખીલે ગુલશન ગુલશન



**યુવરાજ**

મોમાયા પરિવાર
માતા - દિવ્યા
પિતા - યશ
જન્મ - ૧૭-૦૭-૨૦૨૪



**યુવિકા**

પોલડીયા પરિવાર
માતા - ખુશ્બુ
પિતા - અનુજ
જન્મ - ૧૪-૦૮-૨૦૨૪

## વડોદરા સંઘમાં શેત્રુંજય ભાવાયાત્રાની ધર્મ આરાધના થઈ





શ્રી વડોદરા કેડીઓ સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વી શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં શેત્રુંજ્ય ભાવ યાત્રા ધર્મભાવ માહોલમાં યોજાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ શ્રધ્ધા ભાવ સાથે ધર્મ આરાધનાઓમાં ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.




દેવલાલી



સૌભાગ્ય નગર :
મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ,
ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર,
નાકા નંબર ૬ની ગલીમાં,
શ્રી પાર્શ્વધામ દેરાસરની સામેની ગલીમાં,
શ્રી વિમલનાથજી દેરાસર તથા
અનંત આરોગ્ય નિધિ સેનોટેરીયમથી
ફક્ત પાંચ મીનીટના અંતરે,
બે બેડરૂમના ફ્લેટો
બુકિંગ માટે-પરેશ રાયચંદ શામજી ધરમશી
99 30 80 39 59 / 99 30 10 60 54

## શ્રી અજિતનાથ જૈન દેરાસર સંઘ ગોરખડી ઘ્રાફાને મળ્યું ઉદારતા ભર્યું યોગદાન અનુદાન

શ્રી અજિતનાથ જૈન દેરાસર સંઘ ગોરખડી-ઘ્રાફાને ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના પ્રેરણાથી અને મનીષભાઈ ભવાનજી લોડાયા કોઠારા હાલે ચાલીસગામના સહયોગ માધ્યમથી જીર્ણોધ્ધાર એવમ નૂતનીકરણના લાભાર્થી પરિવાર માતુશ્રી દેવકુંવરબાઈ ડૉ.મેઘજીભાઈ ધરમશી ગોરખડી-તાડદેવ દ્વારા હસ્તે ડૉ.ઉર્વશીબેન મેઘજીભાઈ ધરમશી, પ્રિયવંદાબેન મેઘજીભાઈ ધરમશી, વિધાતાબેન મેઘજીભાઈ ધરમશી અને તક્ષશીલાબેન મેઘજીભાઈ ધરમશી તરફથી રૂ.૧૧ લાખનું યોગદાન અનુદાન મળ્યું છે. શ્રી સંઘ દાતા પરિવારની અઢળક અનુમોદના સાથે વંદના કરે છે.

## ક.દ.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા ''પખાવાજ'' કાર્યક્રમ યોજાશે

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા તા. ૯ સપ્ટેમ્બરના સોમવાર સાંજે છ વાગે એકમ-ભવન ભુજ મધ્યે કચ્છી દશા ઓશવાળ સમાજનું નજરાણું ''પખાવાજ'' કાર્યક્રમ યોજાયો છે. જેમાં કચ્છી દશા ઓશવાળ સમાજનાં જુદા-જુદા ગામો શહેરોનાં પંદર મંડળો ભાગ લેશે. મહિલા મંડળો પણ જોડાયા છે. વિસરાતી ગાયકીને જીવંત રાખવા તથા યુવાપેઢીને પ્રેરણા મળે તેવા ઉદેશ સાથે ''પખાવાજ'' કાર્યક્રમનું આયોજન કરાયું હોવાનું ભુજ મહાજનના પ્રમુખ શ્રી પ્રબોધભાઇ મુનવરે જણાવ્યું હતું.બાળ તબલચી કનિષ્ક દીપેશ શાહ તથા હેમંત મોમાયા તબલાવાદક તરીકે સેવા આપશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રેમિલાબેન નાગડા**
તા.૧૮ ઓગસ્ટ (ઉ.૭૦)
કુવાપધ્ધર-ડોંબિવલી



**નિર્મલાબેન વોરા**
તા.૨૦ ઓગસ્ટ (ઉ.૭૧)
રંગપુર-ડોંબિવલી



**ખેતબાઈ દંડ**
તા.૨૩ ઓગસ્ટ (ઉ.૮૪)
સાંધવ-ભાંડુપ



**મણીલાલ વિકમશી**
તા.૨૨ ઓગસ્ટ (ઉ.૭૫)
વાડાપધ્ધર-સોલાપુર



**ઉંમરશીભાઈ દંડ**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૯૬)
લાલા-મલકાપુર



**જનની લોડાયા**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૩૪)
કુઆપધ્ધર-કોઈમ્બતુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● સાહસવૃત્તિ મહેનત અને વેપારી કુનેહ ધરાવતો પાટીદાર સમાજના લોકો દાયકાઓથી સીમાડાઓ પાર કરીને વિશ્વના દેશોમાં પોતાના કારોબારનો પથારો કર્યો છે. બિન નિવાસી કચ્છીઓ દ્વારા વતનમાં ઠલવાતાં નાણાંને કારણે પાટીદાર વસતીના બાહુલ્ય ગામો માધાપર અને બળદિયા જેવા કચ્છના ગામોની સમૃધ્ધિ આંખો આંજી દે તેવી છે. માધાપરની પોસ્ટ ઓફિસમાં બે વર્ષમાં જ રૂા.૧૮૭ કરોડનો મોટો વધારો નોંધાયો છે અને કુલ્લ થાપણો રૂા.૫૫૧ કરોડને આંબી ગઈ છે. જ્યારે બળદિયાની પોસ્ટ ઓફિસમાં નાની બચતની યોજનામાં રૂા.૭૦ કરોડથી વધુ ડિપોઝીટ જમા છે.

● સામાન્ય રીતે પક્ષીઓ પોતાના માળા ઈંડા ઉછેરવા બનાવે છે. જે અન્યત્ર એક માળના બનાવે છે પણ અબડાસાના વરાડિયાની સફીભાઈ લંગાની વાડીમાં ખારેકડીના વૃક્ષમાં ૫૦૦ સુગરીના માળા જોવા મળે છે અને તે પણ બે માળના. આમ આખીવાડી સુગરીની વસાહત બની ગઈ છે.

● વર્ષો પહેલાં ભુજના મહાદેવ ગેટ ખાતે જૂની મામલતદાર કચેરી અને ટંકશાળ કચેરી ધમધમતી હતી અને હાલે જિલ્લા તેમજ હોમગાર્ડ કચેરી કાર્યરત છે. ત્યાં જિલ્લા કમાન્ડન્ટ જે પટારો ટેબલ તરીકે રાખીને બેસતાં હતા તેમાંથી વર્ષો જૂનો ચાંદીનો કિંમતી સામાન મળી આવ્યો છે.

● નખત્રાણા તાલુકાના વિથોણ ગામના મારુ કંસારા સોની જ્ઞાતિની દીકરી અને હાલે છતીસગઢ રાજ્યના રાજનંદગામના ખૈરઝિટી ગામમાં જેસીબી વૂમન તરીકે સમગ્ર પાંચાડામાં જાણીતા ૬૧ વર્ષીય દમયંતીબેન સોની જેસીબી, લોડર, ટિપ્પર, આઈવા જેવા ભારેખમ વાહનો સરળતાથી ચલાવવાનું સામર્થ્ય ધરાવે છે. હેવી મશનરી ક્ષેત્રે તેણીની ગજબની કુશળતા જોઈ છતીસગઢ સરકાર પણ પ્રભાવિત થઈને ડિસેમ્બર ૨૦૨૪માં જાપાનના ટોકિયો ખાતે એક્સપો ૨૦૨૪ ફેરમાં ભાગ લેવા મોકલવાનો નિર્ણય કર્યો છે. આ અગાઉ તેમણે ૨૦૧૯માં બેંગ્લોર ખાતે એક્સપોમાં ભાગ લીધો હતો. નખત્રાણાની શેઠ વી.કે.હાઈસ્કૂલમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો છે. તેમના લગ્ન દૂર્ગમાં ઉત્તમ સોની સાથે થયાં હતા. પરંતુ પતિનું નિધન થતા દમયંતીબેન જાતે પગભેર થવા નિર્ધાર કર્યો હતો. તેમને એક દીકરો અને એક દીકરી છે. તેમની પાસે પોતાનું જેસીબી છે. ખૈરઝિટી અને આસપાસ ગામમાં મોટા અને ભારી વાહનો દ્વારા જમીન સમતલ કરવા અને ખેતીવાડીમાં ઉપયોગ કરી પેટિયું રળે છે.

● નર્મદાના નીર મુખ્ય નહેર વડે મોડકુલા સુધી આવી પહોંચ્યા છે ત્યારે હવે વધારાના નર્મદાના એક મિલિયન એકર ફીટનું પાણી કચ્છના વંચિત વિસ્તારમાં પહોંચે એ માટે સારણ, નોર્ધન અને સર્ધન આ ત્રણ યોજનાના કામોનો ધમધમાટ પૂરજોશમાં થઈ રહ્યું છે. જેથી ૨૦૨૫થી કચ્છ માટે જીવાદોરી ગણાતી નર્મદાના પાણી પૂરતાં પ્રમાણમાં મળતાં થઈ જશે.

● કચ્છના છાત્રોમાં રહેલા કૌશલ્યો વિકસાવાના હેતુથી ક્રાંતિ ગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ ગિવ વાચા ફાઉન્ડેશન અંજાર સાથે વોકેશનલ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા એમઓયુ કરવા સાથે સંગીત, ફિલ્મ નિર્માણ, સ્વાસ્થ્ય અને ભગવદગીતા સહિતના કોર્સને સૈધાંતિક મંજૂરી આપી હતી. કુલપતિ મોહનભાઈ પટેલ તથા ગિવ વાચાના ટ્રસ્ટી, ગીતકાર, સંગીતકાર, ગાયક, દિગ્દર્શક સહિતની બહુમુખી પ્રતિભા ધરાવતા ડૉ.કૃપેશ ઠક્કરે કોર્સની મંજૂરી સંબંધી મુલાકાત કરી હતી. ગિવ વાચા ફાઉન્ડેશન સંચાલિત કૃપ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ મ્યુઝિક, કૃપ મ્યુઝિકથેરેપી ક્લિનિક એન્ડ રિસર્ચ સેન્ટર તથા કૃપ ગુરૂકુલના ૧૫ થી વધુ વિવિધ ક્ષેત્રના કૌશલ્યવર્ધક છ માસથી ૧ વર્ષની અવધિના ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ વિદ્યાર્થીઓને માટે ઉપલબ્ધ કરવા સાથે ચાલુ વર્ષથી જ શરૂ થશે. સંગીત અને સ્વાસ્થ્યના સમન્વય થકી ડૉ.કૃપેશ ઠક્કર અને ડૉ.પૂજા ઠક્કર વિદ્યાર્થીઓને તાલીમ આપશે. ભગવદ્ગીતાના જીવન લક્ષી કોર્સથી છાત્રો તણાવ મુક્ત જીવન જીવવાની તાલીમ મેળવશે.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE,
SCRUTINIZE
& DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA